જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૮/૧૨/૨૦૧૮ શનિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૩૭૯/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૧૪૯ લીટર દેશી દારૂ, ૪૧૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ સ્કૂટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૭,૮૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૩૮૦/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી-૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૨૩૮૧/૧૮

**વેજલપુરઃ** આસીમ સલીમઅહેમદ પુઠાવાલા (ઉ.વ.૩૮)(રહે. કાશ્મીરા સોસાયટી, નારાયણનગર રોડ પાલડી) એ તા.૦૭/૧૨/૧૮ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૨૦૧૪ થી તા૨૮/૦૮/૨૦૧૭ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી નૌસાદ જકિઉદ્દિન રંગુની (રહે.અલઅસર-૦૧ અમ્બર ટાવર સામે ગુલઝાર પાર્ક ગેટ નં-૦૩ ફતેવાડી) એ આસીમભાઇની કંપનીના ડાયરેક્ટર તરીકેના હોદ્દાનો દુરઉપયોગ કરી, જુદા-જુદા ગ્રાહકો પાસેથી કંપનીના ફ્લેટોના સમજુતી કરાર/દસ્તાવેજો કરી આપી કુલ રૂપિયા ૫૭,૧૫,૦૦૦/- મેળવી લઇ, આસીમભાઇની કંપનીમા જમાં નહી કરાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.ડી.રોહિત ચલાવે છે.

### ઘરફોડ ચોરી :- સમાચાર યાદી નં.૨૩૮૨/૧૮

**વેજલપુરઃ** અબ્દુલરજાક અબ્દુલભાઇ મેમણ (રહે.રોયલ પામ ફ્લેટ રોયલ પાર્કે કોર્નર મેમણ હોલ આગળ જુહાપુરા) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૧૨/૧૮ સવારના ૧૦/૩૦ થી બપોરના ૩/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૫,૦૦૦/- મત્તાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.બારૈયા ચલાવે છે.

**નજર ચુકવી ચોરી :-** **સમાચાર યાદી નં.૨૩૮૩/૧૮**

**નવરંગપુરાઃ** વિરાજભાઇ રજનીકાંતભાઈ સોની (ઉ.વ.૩૫)(રહે.તપોવન એપાર્ટમેન્ટ રાધા વલ્લભ સોસાયટી જવાહર ચોક મણીનગર) એ તા.૭/૧૨/૧૮ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૧૨/૧૮ સાજના ૫/૦૫ થી ૫/૨૦ વાગ્યા દરમ્યાન એક છોકરી (૧૮ થી ૧૯ વર્ષના આશરાની) નવરંગપુરા સી.જી.સ્ક્વેર મોલમા આવેલ "વિનસ ડેટા પ્રોડક્ટ" નામના એપલના સ્ટોરમાં આવી નજર ચુકવી એક એપલ કંપનીનો આઈ-ફોન કિમત રૂપિયા ૭૪,૮૮૨/- ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એમ.પરમાર ચલાવે છે.

**સોનાનો દોરો ખેચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૨૩૮૪/૧૮**

**ગાયકવાડ હવેલીઃ** પદમાબહેન વા/ઓ પ્રાણશંકર શ્રીમાળી (ઉ.વ.૬૦) (રહે.મહારાજ જગદીશ સોસાયટી વિભાગ નંબર-૨ વસંત રજબ ક્વાર્ટર્સ સામે બહેરામપુરા) તા.૦૭/૧૨/૧૮ કલાક ૧૮/૪૫ વાગ્યાના સુમારે જમાલપુરબ્રીજ ઉપરથી પસાર થઇ રહયા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાનો) પદમાબહેનના ગળામાંથી સોનાની ચેઈન પેડલ સાથે કિમત રૂપિયા ૪૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ પદમાબહેન શ્રીમાળી એ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એન.શીંગરખીયા ચલાવે છે.

**ઝેરી પ્રવાહી પી જતાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૩૮૫/૧૮**

**શાહપુરઃ** રશ્મીકાબહેન નહેલ ખત્રી (ઉ.વ.૩૩) (રહે. કુવાવાળો ખાચો ભંડેરીપોળ કાલુપુર) એ અગમ્ય કારણસર તા.૫/૧૨/૧૮ નારોજ શાહપુર ન્યુ વૈભવ પાર્લર ખાતે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને નારણપુરા સરદાર પટેલ બાવાલા પાસે લાઇફ કેર હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૭/૧૨/૧૮ કલાક ૧૧/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.ડી.સોલંકી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.